કામકાજનો ટૂંકો અહેવાલ

# તેરમી ગુજરાત વિધાનસભા

## પાંચમું  સત્ર

**( તા. ૧૦ મી નવેમ્બર , ૨૦૧૪  અને તા. ૧૧ મી નવેમ્બર, ૨૦૧૪ )**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઇ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૧૪**

# <u>પ્રસ્તાવના</u>

આ પ્રકાશનમાં તેરમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં **તા. ૧૦ મી નવેમ્બર ,૨૦૧૪ અને તા.૧૧મી નવેમ્બર, ૨૦૧૪** દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઇને તે ઉપયોગી નીવડશે.

| | |
|---|---|
| ગુજરાત વિધાનસભા સચિવાલય, | **ડી. એમ. પટેલ** |
| વિઠ્ઠલભાઇ પટેલ ભવન, | **સચિવ** |
| સેક્ટર નં. ૧૦, | **ગુજરાત** |
| ગાંધીનગર-૩૮૨૦૧૦. | **વિધાનસભા** |
| તારીખ : ૧૬ / ૧૨/ ૨૦૧૪ | |

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨. | | ૩. |
| ૧. | તેરમી ગુજરાત વિધાનસભાના **પાંચમાં** સત્ર ( તા. ૧૦ મી નવેમ્બર , ૨૦૧૪ અને તા. ૧૧ મી નવેમ્બર, ૨૦૧૪ ) માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| ૨. | પત્રક ક્રમાંક : ૧ | સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| ૩. | પત્રક ક્રમાંક : ૨ | સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪. | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| ૫. | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬. | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદતના, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અડધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| ૭. | પત્રક ક્રમાંક :૬ | ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮. | પત્રક ક્રમાંક : ૭ | તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯. | પત્રક ક્રમાંક : ૮ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૧૦. | પત્રક ક્રમાંક : ૯ | જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| ૧૧. | પત્રક ક્રમાંક :૧૦ | દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| ૧૨. | પત્રક ક્રમાંક :૧૧ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૩. | પત્રક ક્રમાંક : ૧૨ | રાષ્ટ્રપતિ / રાજયપાલશ્રીની અનુમતિ મળેલા વિધેયકો | |
| ૧૪. | પત્રક ક્રમાંક : ૧૩ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બાકી રહેતા બિન સરકારી વિધેયકો | |
| ૧૫. | પત્રક ક્રમાંક : ૧૪ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૧૬. | પત્રક ક્રમાંક : ૧૫ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૧૭. | પત્રક ક્રમાંક : ૧૬ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૧૮. | પત્રક ક્રમાંક ૧૭ | સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૧૯ | પત્રક ક્રમાંક ૧૮ | શોકદર્શક ઉલ્લેખ | |

# **તેરમી ગુજરાત વિધાનસભાના** પાંચમાં સત્રમાં **થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ**

**પ્રારંભિકઃ–**

તેરમી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર સોમવાર, તા.૧૦–૧૧–૨૦૧૪ના રોજ શરૂ થયું હતું અને મંગળવાર, તા.૧૧–૧૧–૨૦૧૪ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદ્દત માટે મુલતવી રહયું હતુ ત્યારબાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૨ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ **કુલ ૮ કલાક અને ૪૨ મિનિટ** કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૪ કલાક અને ૨૧ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ અને પ્રસ્તાવો તેમજ અન્ય કામકાજમાં થયેલ સમય અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક–૧**માં આપવામાં આવી છે.

## ૨. ગૃહની બેઠકોની તારીખ અને સમયઃ–

ગૃહની બેઠકોની તારીખો અને સમય **પત્રક ક્રમાંક– ૨** માં આપવામાં આવેલ છે.

## ૩. હાજરીઃ

સત્ર દરમિયાન મળેલ ૨ બેઠકમાં વધારેમાં વધારે હાજરી ૧૫૦ અને ઓછામાં ઓછી ૧૪૯ હાજરી હતી અને સરેરાશ હાજરી ૧૪૯ રહી હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક : ૩** માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક : ૪** માં આપવામાં આવી છે.

## ૪. અધ્યક્ષની ચૂંટણી :–

વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી માટે માનનીય રાજયપાલશ્રીએ તા. ૧૦મી નવેમ્બર, ૨૦૧૪ના રોજનો દિવસ નકકી કર્યો હતો. વિધાનસભા સભ્ય શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવાને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે પસંદ કરવા માટેનો પ્રસ્તાવ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સભાગૃહમાં રજૂ કર્યો હતો. માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રસ્તાવને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ ટેકો આપ્યો હતો. આ પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો અને સભ્યશ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવાની અધ્યક્ષ તરીકે સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી.

## ૫ ટૂંકી મુદતના અને તારાંકિત પ્રશ્નો :–

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે **તા.૧૦/૧૧/૨૦૧૪ અને તા.૧૧/૧૧/૨૦૧૪** એમ બે દિવસ માટેનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગતો નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ..**૨**,તારાંકિત પ્રશ્નોની કુલ **૫૨૭** અને અતારાંકિત પ્રશ્નોની કુલ**૬૧૨,** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **પત્રક ક્રમાંક ૫, ૬, ૭ અને ૮** માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી **પત્રક ક્રમાંક ૯માં** આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ **૩૮૩** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી **જે પૈકી ૩** તારાંકિત પ્રશ્નોને મંત્રીશ્રીની વિનંતીથી અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. **તેમજ ૨** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ ૨ યાદી સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીમાના કુલ૨૧ પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૦ અન્વયે ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ ૨સૂચના મળેલ હતી. તે પૈકી એક સૂચના દાખલ કરવામાં આવી હતી. પરંતુ તે સૂચના માનનીય મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવી હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની એક પણ સૂચના મળી ન હતી.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦–૫૦ ની એક એવી **૩** યાદીઓ તેમજ નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે **૬૬** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

## ૬ પ્રશ્નોત્તરીને લગતી રસપ્રદ માહિતી :–

કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં નકકી થયા મુજબ સોમવાર, તા.૧૦/૧૧/૨૦૧૪ના રોજ સભાગૃહની બેઠકની શરૂઆતમાં અધ્યક્ષશ્રીની ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ત્યારબાદ ૧૨–૪૬ થી ૧–૪૬ વાગ્યા સુધી એક કલાકનો સંપૂર્ણ સમય તારાંકિત પ્રશ્નોત્તરી માટે ફાળવવામાં આવ્યો હતો. આ બાબતે કામકાજ સલાહકાર સમિતિના નિર્ણય સંબંધમાં તા.૭/૧૧/૨૦૧૪ના રોજ પત્રક ભાગ – ૨ ક્રમાંક– ૨૫૪ બહાર પાડવામાં આવ્યું હતુ

## ૭. વટહુકમ અને નિવેદન :–

સત્ર દરમ્યાન સન ૨૦૧૪ના વટહુકમ ક્રમાંકઃ ૧–સન–૨૦૧૪ના ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન તા. ૧૦/૧૧/૨૦૧૪ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

## ૮. વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ :–

સન ૨૦૧૪ના વટહુકમ ક્રમાંક–૧ ને નામંજૂર કરવા અંગેના પ્રસ્તાવની ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૫૨(૨) અન્વયેની માનનીય સભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂતની સૂચના મળી હતી. જે દાખલ કરવામાં આવી હતી. ચર્ચાને અંતે આ પ્રસ્તાવનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો.

## ૯. વટહુકમનું સ્થાન લેતું વિધેયક :–

સન ૨૦૧૪ના વટહુકમ ક્રમાંકઃ ૧–સન–૨૦૧૪ના ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમનું સ્થાન લેતું સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૪નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક તા.૧૦/૧૧/૨૦૧૪ના રોજ સભાગૃહે પસાર કર્યુ હતું.

## ૧૦. સરકારી વિધેયકો :–

### ૧. દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ૬ સરકારી વિધેયકોને દાખલ કરવામાં આવ્યા હતા.

**( પત્રક ક્રમાંક : ૧૦)**

### ૨. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ૬ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યા હતા.

**( પત્રક ક્રમાંક : ૧૧)**

## ૩. <u>વિધેયકોનું વર્ગીકરણ</u> :–

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ......... ૦૬ |
| ૨. | નવા વિધેયકો | ......... ૦૦ |
| ૩. | અન્ય વિધેયકો | ......... ૦૦ |

## ૪. <u>વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ</u>:–

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | ......... ૦૦ |
| ૨. | જાહેર સેવાને લગતા વિધેયકો | ......... ૦૨ |
| ૩. | શિક્ષણને લગતા વિધેયકો | ......... ૦૪ |
| ૪. | અન્ય વિધેયકો | ....... ૦૦ |

## ૧૧. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–

બારમી વિધાનસભાના આઠમા સત્રમાં પુનઃપસાર થયેલું અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૩, તેરમી વિધાનસભાના બીજા સત્રમાં પસાર થયેલું અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેવું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૪, તથા ચોથા સત્રમાં પસાર થયેલા અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ ને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા. **( પત્રક ક્રમાંકઃ ૧૨ )**

## ૧૨. વૈધાનિક પ્રસ્તાવ (નિયમ–૧૦૦) :

સત્ર દરમિયાન નિયમ–૧૦૦ હેઠળ સન ૨૦૧૪ના બંધારણ (એકસો એકવીસમા સુધારા) વિધેયકને બહાલ રાખવા બાબતના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેના વૈધાનિક પ્રસ્તાવ પર તા.૧૦મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ સભાગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી અને ચર્ચાને અંતે સભાગૃહે ઉકત પ્રસ્તાવ પસાર કર્યો હતો.

## ૧૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ -૧૦૨) :–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ- ૭૫** સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામનું બેલટ તા. ૧/૧૧/૨૦૧૪ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્યશ્રી અશોકકુમાર પટેલે "<u>**સ્વચ્છતા અભિયાન અંગે**</u> "ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. ઉક્ત પ્રસ્તાવ ઉપર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૧૧-૧૧-૨૦૧૪ના રોજ સભાગ્રુહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

## ૧૪. ધ્યાન દોરતી સૂચના (નિયમ-૧૧૬) :–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ- ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા અંગેની કુલ -૬ સૂચનાઓ મળી હતી. તે પૈકી **૩ સૂચનાઓ** નામંજૂર

કરવામાં આવી હતી અને બાકીની **૩ સૂચનાઓ** મુદત બહારની મળેલ હતી. આમ, મળેલ બધી જ **સૂચનાઓ** નામંજૂર કરવામાં આવી હતી.

**૧૫. બિન–સરકારી વિધેયકો :–**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો :–**

સત્રમાં બિન–સરકારી કામકાજ માટે કોઈ દિવસ ફાળવવામાં આવેલ ન હોવાથી અગાઉના સત્ર દરમિયાન સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં તેવા ૮– બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયાં હતાં. **(પત્રક ક્રમાંક : ૧૩ )**

**૧૬. સભાગૃહના અવમાનના કિસ્સાઃ–**

સભાગૃહની તા. ૧૧/૧૧/૧૪ની કાર્યવાહી દરમિયાન પ્રશ્નોત્તરી**કાળ** પૂરો થયા બાદ વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યો તેમની જગ્યા ઉપર ઉભા થઈ ગયાં હતા અને ખેડૂતોને ખાતરની ફાળવણીનો મુદ્દો ઉપસ્થિત કરી ચર્ચા માટે માગણી કરી હતી.આ બાબતે માન. અધ્યક્ષશ્રીએ મનાઈ કરતા વિરોધપક્ષ(કોંગ્રેસ)ના સભ્યોએ તેમની પાસેના પ્લેકાર્ડનું પ્રદર્શન કર્યું હતુ અને સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. કેટલાક સભ્યશ્રીઓ ગૃહની વેલમાં ધસી આવ્યા હતા. માન. અધ્યક્ષશ્રીએ આ સભ્યોને બેસી જવાની વારંવાર વિનંતી કરી હતી. આમ છતાં, વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યોએ તેમનો વિરોધ પ્રદર્શન ચાલુ રાખીને સભાગૃહની કાર્યવાહીમાં સતત વિક્ષેપ નાંખવાનું ચાલુ રાખ્યું હતું. આથી માન. અધ્યક્ષશ્રીએ સભાગૃહની વેલમાં આવી ગૃહની કાર્યવાહીમાં અંતરાય કરતાં વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૨૮ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા ત્યારબાદ ગૃહમાં હાજર રહેલ કોંગ્રેસ પક્ષના બાકીના સભ્યો સભાત્યાગ કરી ગયા હતા.

**૧૭. પોઈન્ટ ઓફ ઓર્ડરઃ–**

સત્ર દરમ્યાન એક પણ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવેલ નથી.

## ૧૮. અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત

**માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૦-૧૧-૨૦૧૪ના રોજ અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર ત્રણ સભ્યોની ચૂંટણી કરવા માટે ચૂંટણી કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.**

**૧૯. યાદગાર બનાવોઃ–**

**(૧) માનનીય અધ્યક્ષશ્રી તરીકે શ્રી ગણપતસિંહ વસાવાની બીજીવાર સર્વાનુમતે વરણીઃ-**

તેરમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર દરમિયાન તા.૧૦મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ માનનીય ઉપાધ્યક્ષશ્રી મંગુભાઇ પટેલના અધ્યક્ષપદે સભાગૃહની બેઠક મળી હતી.

બેઠકની શરૂઆતમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે, ‘‘આ સભાગૃહના સભ્ય શ્રી ગણપતસિંહ વસાવાને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે’’

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ આ પ્રસ્તાવને અનુમોદન આપ્યુ હતું અને પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આમ, શ્રી ગણપતસિંહ વસાવાની બીજી વખત અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી થઇ હતી.

અગાઉ બારમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી અશોકભાઇ ભટ્ટનું તા. ૨૯/૦૯/૨૦૧૦ના રોજ અવસાન થતાં, તા. ૨૪ મી ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ નવા અધ્યક્ષ તરીકે શ્રી ગણપતસિંહ વસાવાને સર્વાનુમતે ચૂંટી કાઢવામાં આવ્યા હતા.

**(૨) કોંગ્રેસ પક્ષના સભ્યોએ ગૃહમાં પ્લેકાર્ડ દર્શાવી સૂત્રોચ્ચાર કર્યા.**

તા.૧૧મી નવેમ્બર, ૨૦૧૪ ના રોજ સવારે મળેલા ગૃહમાં પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ સભાગૃહના મેજ ઉપર કાગળો મૂકવાની  કાર્યવાહી દરમિયાન માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇ પટેલે કપાસના નીચા જતા ભાવો અંગે મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કરતા માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દે પરવાનગી આપવામાં આવેલ નથી તેમજ આ મુદ્દા સંબંધમાં મારી ચેમ્બરમાં ચર્ચા થયા મુજબ આજ રોજ વિરામ સમયમાં સંબંધિત માનનીય મંત્રીશ્રી સાથે આપની બેઠક યોજવાની હોઇ હવે આ મુદો અહીં ઉપસ્થિત કરવો યોગ્ય નથી તેમ જણાવ્યુ હતું. આમ છતાં માનનીય સભ્યશ્રીએ પોતાનો મુદ્દો ઉપસ્થિત કરવા માટે  સતત આગ્રહ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ આગળની કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું. તેમ છતાં માનનીય સભ્યશ્રીએ પોતાના સ્થાન પર ઉભા રહીને સતત બોલવાનું ચાલુ રાખ્યું હતુ તેમજ કોગ્રેંસ પક્ષના કેટલાક સભ્યોએ પોતાના સ્થાન પર ઉભા રહીને પ્લેકાર્ડ દર્શાવ્યા હતા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા.

આ તબકકે માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇ પટેલ તેમજ કોગ્રેંસ પક્ષના પ્લેકાર્ડ દર્શાવી રહેલા સભ્યો પૈકી શ્રી જોઇતાભાઇ પટેલ, શ્રી ધારશીભાઇ ખાનપુરા, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી હીરાભાઇ પટેલ, શ્રી નિરંજન પટેલ, શ્રી ગેંદાલભાઇ ડામોર, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી અમીત ચૌધરી, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રી જવાહર ચાવડા,શ્રી પરેશ ધાનાણી, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ગોવાભાઇ રબારી, શ્રી બાબુભાઇ વાજા, શ્રી મેરામણભાઇ ગોરીયા  , શ્રી હર્ષદભાઇ રાબડીયા, શ્રી કાન્તિભાઇ ખરાડી શ્રી મણીભાઇ વાઘેલા, શ્રી મહેશકુમાર પટેલ, શ્રી રમેશભાઇ ચાવડા,શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા, શ્રી ભોળાભાઇ ગોહેલ, શ્રી ધીરૂભાઇ ભીલ, શ્રી પ્રહલાદભાઇ પટેલ, અને શ્રી છનાભાઇ ચૌધરી વેલમાં આવીને બેસી ગયા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા.  જયારે બાકીના સભ્યો ઉભા રહી પ્લેકાર્ડ દર્શાવવા લાગ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા સભ્યશ્રીઓને પોતાના સ્થાન પર પરત જવા વારંવાર વિનંતી કરવા છતાં વેલમાં આવેલા સભ્યો પોતાના સ્થાન પર પરત ગયા ન હતા આથી માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા તમામ સભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરી તેમને ગૃહની બહાર લઇ જવાની સાર્જન્ટને સૂચના આપી હતી.તદ્દનુસાર વેલમાં આવેલા તમામ સભ્યોને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા હતા.

ત્યારબાદ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત બાકીના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા હતા.

## ૨૦. સમિતિની બેઠકઃ–

| સમિતિનું નામ | બેઠકની તારીખ |
|---|---|
| કામકાજ સલાહકાર સમિતિ | ૭/૧૧/૨૦૧૪ |

## ૨૧. સભાગૃહમાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલોઃ–

| સમિતિ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| કામકાજ સલાહકાર સમિતિ | છઠ્ઠો અહેવાલ | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૦/૧૧/૨૦૧૪ |
| સભાગૃહ ની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | બીજો | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૦/૧૧/૨૦૧૪ |

## ૨૨. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ / અહેવાલો સિવાય)

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (સ્થાનિક સંસ્થાઓ) (અંગ્રેજી તથા ગુજરાતી) **તા.**૧૧/૧૧/૨૦૧૪ના રોજ સભાગૃહ **ના મેજ ઉપર મૂકવામાં આવ્યો હતો.**

## ૨૩. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :–

ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ ૬ અહેવાલો તથા ૮ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી. **(પત્રક ક્રમાંક : ૧૪)**

## ૨૪. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિઃ–

તેરમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા.૧૧/૧૧/૨૦૧૪ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | પક્ષનું નામ | સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧ | ભારતીય જનતા પક્ષ | ૧૨૦ |
| ૨ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૮ |
| ૩ | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૨ |
| ૪ | જનતા દળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫ | અપક્ષ | ૦૧ |
| | **કુલ** | **૧૮૨** |

## ૨૫. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક : ૧૫** માં આપવામાં આવી છે.

## ૨૬. રોજેરોજના કામકાજનો સારાંશ

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **( પત્રક ક્રમાંક–૧૬ )** માં દર્શાવેલ છે.

## ૨૭. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો

સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **(પત્રક ક્રમાંક–૧૭ )** માં દર્શાવવામાં આવી છે.

## ૨૮. શોક દર્શક ઉલ્લેખ :–

સત્ર દરમિયાન કુલ– ૪( **ચાર** ) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા.
**(પત્રક ક્રમાંકઃ–૧૮)**

## ૨૯. સભાત્યાગઃ–

**૧.** તા.૧૧–૧૧–૨૦૧૪ના રોજ સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે કપાસના નીચા જતા ભાવો અંગે મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે મંત્રીશ્રીએ આપની સાથે બેઠક કરવાનું જણાવેલ હોઈ અત્યારે બાબત ઉપસ્થિત કરવી જરૂરી નથી તેમ જણાવ્યું ત્યારબાદ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનું જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકાયા બાદ, સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ સહિત વિરોધ પક્ષના અન્ય સભ્યો વેલમાં આવી બેસી ગયા અને સૂત્રોચ્ચાર કરતાં કરતાં પ્લેકાર્ડ દર્શાવવા લાગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા સભ્યશ્રીઓને પોતાના સ્થાન પર પરત જવા વારંવાર વિનંતી કરવા છતાં વેલમાં આવેલા સભ્યો પોતાના સ્થાને ન જતાં માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા તમામ સભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરી, તેમને ગૃહની બહાર લઈ જવા સાર્જન્ટને સૂચના આપી.

આ તબકકે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત બાકીના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

## ૩૦. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકોઃ–

| ક્રમ | વિગત | પ્રેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજયપાલ ગેલેરી | - |
| ૨ | અધ્યક્ષ ગેલેરી | ૩૭૧ |
| ૩ | અતિથિ વિશેષ ગેલેરી | ૯૭ |
| ૪ | પ્રેક્ષક ગેલેરી | ૬ |
| ૫ | શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી આવેલ મુલાકાતીઓ (કુલ-૧૬ ગ્રુપ પાસ ) | ૬૪૨ |
| | **કુલ** | **૧૧૧૬** |

**પત્રક ક્રમાંક :–૧**
**(જુઓ ફકરા ક્રમાંક : ૧ )**
સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી

| ક્રમ | કામકાજનો વિષય | કલાક | મિનિટ | ટકાવારી |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | પ્રશ્નોત્તરી | ૨ | ૦૦ | **૨૨.૯૯** |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી વિધેયકો | ૩ | ૨૭ | **૩૯.૬૬** |
| | (બ) બિન સરકારી વિધેયકો | – | – | **–** |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | – | – | **–** |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા–મોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– **સરકારી, બિન સરકારી** તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૧ | ૩૨ | **૧૭.૬૨** |
| ૫. | રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા | – | – | **–** |
| ૬. | બિન સરકારી સંકલ્પો | – | – | **–** |
| ૭. | વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | **–** |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦૦ | ૦૪ | **૦.૭૬** |
| ૯. | અન્ય બાબતો | ૧ | ૩૯ | **૧૮.૯૭** |
| કુલ ...... | | ૮ | ૪૨ | **૧૦૦** |

**પત્રક ક્રમાંક :–૨**
**(જુઓ ફકરા ક્રમાંક : ૨ )**
સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| **કામકાજના દિવસો : ૨** | | | **સભાગૃહની બેઠકો : ૨** | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ/ મુલતવી | **બેઠકનો ખરેખર સમય ક.મિ.** |
| | | | બેઠક શરૂ થવાનો સમય | બેઠક પૂરી થવાનો સમય | | |
| ૧. | સોમવાર | ૧૦–૧૧–૨૦૧૪ | ૧૨.૦૦ | ૬.૩૬ | ૦.૪૫ | **૫.૫૧** |
| ૨. | મંગળવાર | ૧૧–૧૧–૨૦૧૪ | ૮.૩૦ | ૧૧.૨૧ | ૦.૩૦ | **૨.૫૧** |
| | | **સભાગૃહનો ખરેખર કુલ સમય .....** | | | | ૮.૪૨ |

પત્રક ક્રમાંક :–૩

(જુઓ ફકરા ક્રમાંક : ૩ )

સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી

(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)

| અ.નુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહજી ગોહિલ | ૨ | – | ૨ | |
| ૨ | શ્રી તારાચંદ જગશી છેડા મંત્રીશ્રી | – | – | – | |
| ૩ | ડો.નીમાબેન આચાર્ય | ૨ | – | ૨ | |
| ૪ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર | ૨ | – | ૨ | |
| ૫ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨ | – | ૨ | |
| ૬ | શ્રી પંકજ ભાઈ અનોપચંદ મહેતા | ૨ | – | ૨ | |
| ૭ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી મંત્રીશ્રી | – | – | – | |
| ૮ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૯ | શ્રી જોઈતાભાઈ કસ્નાભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૦ | શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી | ૨ | – | ૨ | |
| ૧૧ | શ્રી મણીલાલ જેઠાભાઈ વાઘેલા | ૨ | – | ૨ | |
| ૧૨ | શ્રી મહેશકુમાર અમૃતલાલ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૩ | શ્રી ગોવાભાઈ હમીરાભાઈ રબારી | ૨ | – | ૨ | |
| ૧૪ | શ્રી કેશાજી શિવાજી ચૌહાણ | ૨ | – | ૨ | |
| ૧૫ | શ્રી ધારશીભાઈ લખાભાઈ ખાનપુરા | ૨ | – | ૨ | |
| ૧૬ | શ્રી નાગરજી હરચંદજી ઠાકોર | ૨ | – | ૨ | |
| ૧૭ | શ્રી દિલીપકુમાર વીરાજીભાઈ ઠાકોર મંત્રીશ્રી | – | – | – | |
| ૧૮ | શ્રી રણછોડભાઈ મહીજીભાઈ દેસાઈ | ૧ | ૧ | ૨ | |
| ૧૯ | શ્રી બલવંતસિંહ ચંદનસિંહ રાજપૂત | ૨ | – | ૨ | |
| ૨૦ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૨ | – | ૨ | |
| ૨૧ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૨ | – | ૨ | |
| ૨૨ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૨૩ | શ્રી રજનીકાન્ત સોમાભાઈ પટેલ મંત્રીશ્રી | – | – | – | |
| ૨૪ | શ્રી રમેશભાઈ મગનભાઈ ચાવડા | ૨ | – | ૨ | |
| ૨૫ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ મંત્રીશ્રી | – | – | – | |
| ૨૬ | શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૨૭ | શ્રી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા | ૨ | – | ૨ | |
| ૨૮ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા મંત્રીશ્રી | – | – | – | |
| ૨૯ | શ્રી અશ્વિન કોટવાલ | ૨ | – | ૨ | |
| ૩૦ | ર્ડા. અનિલ જોષિયારા | ૨ | – | ૨ | |
| ૩૧ | શ્રી રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર | ૨ | – | ૨ | |
| ૩૨ | શ્રી મહેન્ સિંહ શંકરસિંહ વાઘેલા | ૨ | – | ૨ | |
| ૩૩ | શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા | ૨ | – | ૨ | |
| ૩૪ | શ્રીમતી કામીનીબા ભુપેન્દ્રસિંહ રાઠોડ | ૨ | – | ૨ | |
| ૩૫ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૨ | – | ૨ | |
| ૩૬ | શ્રી અશોકકુમાર રણછોડભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૩૭ | શ્રી અમિતભાઈ હરિસિંગભાઈ ચૌધરી | ૨ | – | ૨ | |
| ૩૮ | શ્રી બળદેવજી ચંદુજી ઠાકોર | ૨ | – | ૨ | |
| ૩૯ | ર્ડા.તેજશ્રીબેન દિલીપકુમાર પટેલ | ૨ | – | ૨ | |
| ૪૦ | શ્રી કરમશીભાઈ વિરજીભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૪૧ | શ્રીમતી આનંદીબેન મફતલાલ પટેલ મુખ્ય મંત્રીશ્રી | – | – | – | |
| ૪૨ | શ્રી કિશોરસિંહ બાબુલાલ ચૌહાણ | ૨ | – | ૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૩ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા મંત્રીશ્રી | – | – | – | |
| ૪૪ | શ્રી રાકેશભાઈ જશવંતલાલ શાહ | ૨ | – | ૨ | |
| ૪૫ | શ્રી અમિત શાહ | – | ૨ | ૨ | |
| ૪૬ | શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ પંચાલ | ૨ | – | ૨ | |
| ૪૭ | ડૉ. નિર્મલાબેન સુનીલભાઈ વાધવાણી | ૨ | – | ૨ | |
| ૪૮ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડીયા | ૨ | – | ૨ | |
| ૪૯ | શ્રી જગરૂપસિંહ ગીરદાનસિંહ રાજપૂત | ૨ | – | ૨ | |
| ૫૦ | શ્રી હસમુખભાઈ સોમાભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૫૧ | શ્રી ગ્યાસુદ્દીન હબીબુદીન શેખ | ૨ | – | ૨ | |
| ૫૨ | શ્રી ભૂષણ અશોક ભટ્ટ | ૨ | – | ૨ | |
| ૫૩ | શ્રી સુરેશભાઈ ધનજીભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૫૪ | શ્રી શૈલેષ મનુભાઈ પરમાર | ૨ | – | ૨ | |
| ૫૫ | શ્રી અરવિંદકુમાર ગાંડાલાલ પટેલ | ૨ | – | ૨ | |
| ૫૬ | શ્રી રજનીકાંત મોહનલાલ પટેલ | ૨ | – | ૨ | |
| ૫૭ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨ | – | ૨ | |
| ૫૮ | શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા મંત્રીશ્રી | – | – | – | |
| ૫૯ | શ્રી લાલજીભાઈ ચતુરભાઈ કોળીપટેલ | ૨ | – | ૨ | |
| ૬૦ | શ્રી પુનમભાઈ કાળાભાઈ મકવાણા | ૨ | – | ૨ | |
| ૬૧ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | ૨ | – | ૨ | |
| ૬૨ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૨ | – | ૨ | |
| ૬૩ | શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ | ૨ | – | ૨ | |
| ૬૪ | શ્રી જયંતિભાઈ રામજીભાઈ કવાડીયા મંત્રીશ્રી | – | – | – | |
| ૬૫ | શ્રી કાંતિલાલ શીવલાલ અમૃતિયા | ૨ | – | ૨ | |
| ૬૬ | શ્રીબાવનજીભાઈ હંસરાજભાઈ મેતલીયા | ૨ | – | ૨ | |
| ૬૭ | શ્રી મહમદજાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | – | ૨ | ૨ | |
| ૬૮ | શ્રી ઈન્દ્રનિલભાઈ સંજયભાઈ રાજયગુરૂ | ૨ | – | ૨ | |
| ૬૯ | શ્રી વિજયભાઈ રૂપાણી | ૨ | – | ૨ | |
| ૭૦ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ મંત્રીશ્રી | – | – | – | |
| ૭૧ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૨ | – | ૨ | |
| ૭૨ | શ્રી ભોળાભાઈ ભીખાભાઈ ગોહેલ | ૨ | – | ૨ | |
| ૭૩ | શ્રી જયરાજસિંહ ટેમુભા જાડેજા | ૧ | ૧ | ૨ | |
| ૭૪ | શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા મંત્રીશ્રી | – | – | – | |
| ૭૫ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માકડીયા | ૨ | – | ૨ | |
| ૭૬ | શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા | ૨ | – | ૨ | |
| ૭૭ | શ્રી રાઘવજી હંસરાજ પટેલ | ૨ | – | ૨ | |
| ૭૮ | શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા જાડેજા | ૨ | – | ૨ | |
| ૭૯ | પ્રો. વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી મંત્રીશ્રી | – | – | – | |
| ૮૦ | શ્રી ચીમનભાઈ ધરમશીભાઈ શાપરીયા | ૨ | – | ૨ | |
| ૮૧ | શ્રી મેરામણભાઈ મારખીભાઈ ગોરીયા | ૨ | – | ૨ | |
| ૮૨ | શ્રી પબુભા વિરમભા માણેક | ૨ | – | ૨ | |
| ૮૩ | શ્રી બાબુભાઈ ભીમાભાઈ બોખીરીયા મંત્રીશ્રી | – | – | – | |
| ૮૪ | શ્રી કાંધલ સરમણભાઈ જાડેજા | – | ૨ | ૨ | |
| ૮૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૨ | – | ૨ | |
| ૮૬ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૨ | – | ૨ | |
| ૮૭ | શ્રી હર્ષદકુમાર માધવજીભાઈ રીબડીયા | ૨ | – | ૨ | |
| ૮૮ | શ્રી અરવીંદભાઈ કેશવભાઈ લાડાણી | ૨ | – | ૨ | |
| ૮૯ | શ્રી બાબુભાઈ કાળાભાઈ વાજા | ૨ | – | ૨ | |
| ૯૦ | શ્રી જસાભાઈ ભાણાભાઈ બારડ | ૨ | – | ૨ | |
| ૯૧ | શ્રી જસુભાઈ ધાનાભાઈ બારડ | ૧ | ૧ | ૨ | |
| ૯૨ | શ્રી જેઠાભાઈ દાનાભાઈ સોલંકી | ૨ | – | ૨ | |
| ૯૩ | શ્રી પુંજાભાઈ ભીમાભાઈ વંશ | ૨ | – | ૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૪ | શ્રી નલીનભાઈ નાનજીભાઈ કોટડીયા | ૨ | – | ૨ | |
| ૯૫ | શ્રી પરેશ ધાનાણી | ૨ | – | ૨ | |
| ૯૬ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૨ | – | ૨ | |
| ૯૭ | શ્રી વલ્લભભાઈ વશરામભાઈ વઘાસીયા | ૨ | – | ૨ | |
| ૯૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૧ | ૧ | ૨ | |
| ૯૯ | શ્રીમતી ભાવનાબેન રાઘવભાઈ મકવાણા | ૨ | – | ૨ | |
| ૧૦૦ | શ્રી શીવાભાઈ જેરામભાઈ ગોહિલ | ૨ | – | ૨ | |
| ૧૦૧ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૨ | – | ૨ | |
| ૧૦૨ | શ્રી પ્રવીણભાઈ જીણાભાઈ રાઠોડ | ૨ | – | ૨ | |
| ૧૦૩ | શ્રી પરસોતમભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૨ | – | ૨ | |
| ૧૦૪ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૨ | – | ૨ | |
| ૧૦૫ | શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી | ૨ | – | ૨ | |
| ૧૦૬ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર<br>નાયબ મુખ્ય દંડકશ્રી | – | – | – | |
| ૧૦૭. | ડૉ. ટી .ડી. માણીયા | ૨ | – | ૨ | |
| ૧૦૮ | શ્રી સંજયકુમાર રમણભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૦૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૧ | ૧ | ૨ | |
| ૧૧૦ | શ્રી અમીત ચાવડા | ૨ | – | ૨ | |
| ૧૧૧ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૧૨ | શ્રી રોહિત પટેલ | ૨ | – | ૨ | |
| ૧૧૩ | શ્રી નિરંજન પટેલ | ૨ | – | ૨ | |
| ૧૧૪ | શ્રી પૂનમભાઈ માધાભાઈ પરમાર | ૨ | – | ૨ | |
| ૧૧૫ | શ્રી કેસરિસિંહ જેસંગભાઈ સોલંકી | ૨ | – | ૨ | |
| ૧૧૬ | શ્રી પંકજભાઈ વિનુભાઈ દેસાઈ મુખ્ય દંડકશ્રી | – | – | – | |
| ૧૧૭ | શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ ચૌહાણ | ૨ | – | ૨ | |
| ૧૧૮ | શ્રી નટવરસિંહ ફુલસિંહ ઠાકોર | ૨ | – | ૨ | |
| ૧૧૯ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૨ | – | ૨ | |
| ૧૨૦ | શ્રી શંકરસિંહ વાઘેલા વિરોધ પક્ષના નેતાશ્રી | – | – | – | |
| ૧૨૧ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૨ | – | ૨ | |
| ૧૨૨ | પ્રો. હીરાભાઈ હરીભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૨૩ | શ્રી ગેંદાલભાઈ મોતીભાઈ ડામોર | ૨ | – | ૨ | |
| ૧૨૪ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૨ | – | ૨ | |
| ૧૨૫ | નિમિષાબેન મનહરસિંહ સુથાર | ૨ | – | ૨ | |
| ૧૨૬ | શ્રી સી.કે. રાઉલજી | ૨ | – | ૨ | |
| ૧૨૭ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૨ | – | ૨ | |
| ૧૨૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર મંત્રીશ્રી | – | – | – | |
| ૧૨૯ | શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા | ૨ | – | ૨ | |
| ૧૩૦ | ડૉ. મિતેશભાઈ કલાભાઈ ગરાસીયા | ૨ | – | ૨ | |
| ૧૩૧ | ી વીછીયાભાઈ જોખનાભાઈ ભુરીયા | ૨ | – | ૨ | |
| ૧૩૨ | શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા | ૨ | – | ૨ | |
| ૧૩૩ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૨ | – | ૨ | |
| ૧૩૪ | શ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ મંત્રીશ્રી | – | – | – | |
| ૧૩૫ | શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર | ૨ | – | ૨ | |
| ૧૩૬ | શ્રી મધુભાઈ બાબુભાઈ શ્રીવાસ્તવ | ૨ | – | ૨ | |
| ૧૩૭ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૨ | – | ૨ | |
| ૧૩૮ | શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા | ૨ | – | ૨ | |
| ૧૩૯ | શ્રી ધીરૂભાઈ ચુનીલાલ ભીલ | ૨ | – | ૨ | |
| ૧૪૦ | શ્રી બાલકૃષ્ણભાઈ નારણભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૪૧ | શ્રીમતી મનીષા રાજીવભાઈ વકીલ | ૨ | – | ૨ | |
| ૧૪૨ | શ્રી જીતેન્દ્ર રતીલાલ સુખડીઆ | ૨ | – | ૨ | |
| ૧૪૩ | શ્રી સૌરભ પટેલ મંત્રીશ્રી | – | – | – | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪૪ | શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી | ૨ | – | ૨ | |
| ૧૪૫ | શ્રી યોગેશ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૪૬ | શ્રી દિનેશભાઈ બાલુભાઈ પટેલ | ૧ | ૧ | ૨ | |
| ૧૪૭ | શ્રી સતીષભાઈ મોતીભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૪૮ | શ્રી શબ્દશરણ ભાઈલાલભાઈ તડવી | ૨ | – | ૨ | |
| ૧૪૯ | શ્રી મોતીલાલ પુનીયાભાઈ વસાવા | ૨ | – | ૨ | |
| ૧૫૦ | શ્રી છત્રસિંહજી પૂજાભાઈ મોરી મંત્રીશ્રી | – | – | – | |
| ૧૫૧ | શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા | ૨ | – | ૨ | |
| ૧૫૨ | શ્રી છોટુભાઈ અમરસિંહ વસાવા | ૧ | ૧ | ૨ | |
| ૧૫૩ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૨ | – | ૨ | |
| ૧૫૪ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૫૫ | મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૫૬ | શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા અધ્યક્ષશ્રી | – | – | – | |
| ૧૫૭ | શ્રી આનંદભાઈ મોહનભાઈ ચૌધરી | ૨ | – | ૨ | |
| ૧૫૮ | શ્રી પ્રફુલભાઈ છગનભાઈ પાનશેરીયા | ૨ | – | ૨ | |
| ૧૫૯ | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગીલીટવાલા | ૨ | – | ૨ | |
| ૧૬૦ | શ્રી અજયકુમાર જશવંતલાલ ચોકસી | ૨ | – | ૨ | |
| ૧૬૧ | શ્રી કિશોરભાઈ શિવાભાઈ કાનાણી | ૨ | – | ૨ | |
| ૧૬૨ | શ્રી જનકભાઈ મનજીભાઈ કાછડીયા | ૨ | – | ૨ | |
| ૧૬૩ | શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઈ પાટીલ | ૨ | – | ૨ | |
| ૧૬૪ | શ્રી નરોત્તમભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૬૫ | શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી | ૨ | – | ૨ | |
| ૧૬૬ | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી મંત્રીશ્રી | – | – | – | |
| ૧૬૭ | શ્રી પૂર્ણેશકુમાર ઈશ્વરલાલ મોદી | ૨ | – | ૨ | |
| ૧૬૮ | શ્રી રાજેન્દ્રભાઈ પરભુભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૬૯ | શ્રી ઈશ્વરભાઈ રમણભાઈ પરમાર | ૨ | – | ૨ | |
| ૧૭૦ | શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડીયા | ૨ | – | ૨ | |
| ૧૭૧ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૨ | – | ૨ | |
| ૧૭૨ | શ્રી કાંતીલાલભાઈ રેશ્માભાઈ ગામીત મંત્રીશ્રી | – | – | – | |
| ૧૭૩ | શ્રી મંગળભાઈ ગંગાજીભાઈ ગાવિત | ૨ | – | ૨ | |
| ૧૭૪ | શ્રી આર.સી પટેલ દંડકશ્રી | – | – | – | |
| ૧૭૫ | શ્રી પિયુષભાઈ દિનકરભાઈ દેસાઈ | ૨ | – | ૨ | |
| ૧૭૬ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ ઉપાધ્યક્ષશ્રી | – | – | – | |
| ૧૭૭ | શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ૨ | – | ૨ | |
| ૧૭૮ | શ્રી ઈશ્વરભાઈ ઢેડાભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૭૯ | શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ | ૨ | – | ૨ | |
| ૧૮૦ | શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ | ૨ | – | ૨ | |
| ૧૮૧ | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ૨ | – | ૨ | |
| ૧૮૨ | શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર | ૨ | – | ૨ | |
| | કુલ | ૨૯૯ | ૧૩ | ૩૧૨ | |

પત્રક ક્રમાંક :– ૪
(જુઓ ફકરા ક્રમાંક :– ૩)

**ગુજરાત વિધાનસભા**

**સભ્યશ્રીઓની તારીખવાર હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, મુખ્ય દંડકશ્રી ,નાયબ મુખ્ય દંડકશ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૪૯ | ૭ | ૧૫૬ |
| ૨ | ૧૧/૧૧/૨૦૧૪ | ૧૫૦ | ૬ | ૧૫૬ |
| | કુલ | ૨૯૯ | ૧૩ | ૩૧૨ |

**પત્રક ક્રમાંકઃ–૫**

**(જુઓ ફકરા ક્રમાંક–૫)**

## ટૂંકી મુદતના તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં)

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચના | દાખલ કર્યા | દાખલ ન કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત પ્રશ્ન | ટૂંકી મુદતમાંથી અતારાંકિત પ્રશ્ન | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ | સભ્યશ્રીએ પ્રશ્ન પાછા ખેંચી લીધા/મુદત બહારની સૂચના | અગાઉના સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલ અતારાંકિત પ્રશ્ન | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબ આપવા મંત્રીશ્રી અસંમત તથા રદ થયા | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | સમયના અભાવે પ્રશ્નો ચર્ચાયા નહીં | નિયમ–૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રી મંત્રીશ્રી/સંસદ સભ્યશ્રી બનતાં/અવસાન થતાં પ્રશ્નો રદ થયા | સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન મળવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો | મંત્રીશ્રીની વિનંતીથી રદ કરેલા પ્રશ્નો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ટૂંકી મુદતના પ્રશ્નો | ૨ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ★૧ |
| તારાંકિત પ્રશ્નો | ૫૨૭ | ૩૮૩ | ૧૩૪ | - | - | ૩ | ૫ | - | ૨૧ | - | - | - | - | - | - | - | ૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૬૧૨ | ૪૫૬ | ૧૫૨ | - | - | - | - | ૧૫૩ | ૧૫૦ | - | - | - | - | ૬૬ | - | ૨૮૪ | ૪ |
| અરધા કલાકની ચર્ચાના પ્રશ્નો | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |

***મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવેલ છે.**

પત્રક ક્રમાંકઃ–૬
(જુઓ ફકરા ક્રમાંકઃ ૫)

**ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)**

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | મંત્રીશ્રી સંમત | મંત્રીશ્રી અસંમત | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | ગૃહમાં રજૂ થયા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧ | ૧ | - | - | - | - | - | *૧ | - | - |
| ૨ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - |
| | કુલ | ૨ | ૧ | - | - | ૧ | - | - | *૧ | - | - |

*** માનનીય મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવેલ છે.**

પત્રક ક્રમાંકઃ–૭

(જુઓ ફકરા ક્રમાંકઃ– ૫)

## તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | તારાંકિત દાખલ | ટૂંકીમુદતમાંથી અતારાંકિત કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત કર્યા | દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | પ્રશ્નો પાછા ખેંચ્યા | પ્રશ્નો રદ કર્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૪ | ૭ | - | - | ૬ | - | - | - | ૧ | - |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૭ | ૨૪ | - | - | ૩ | - | ૧ | - | - | - |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૮ | ૩૪ | - | - | ૪ | - | - | - | - | - |
| ૪ | નાણા વિભાગ | ૨૭ | ૨૦ | - | ૨ | ૪ | - | - | - | - | ૧ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૩ | ૧૦ | - | - | ૩ | - | - | - | - | - |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૮ | ૨૭ | - | - | - | - | ૪ | - | ૧ | - |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૬ | ૧૪ | - | - | ૨ | - | - | - | - | - |
| ૮ | ગૃહ વિભાગ | ૧૭ | ૧૦ | - | - | ૭ | - | ૨ | - | - | - |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૭ | ૨૧ | - | - | ૧૩ | - | ૧ | - | ૩ | - |
| ૧૦ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૪ | - | - | - | ૪ | - | - | - | - | - |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | શ્રમ અને રોજગાર વિભાગ | ૯ | ૬ | - | - | ૩ | - | - | - | - | - |
| ૧૨ | કાયદા વિભાગ | ૧૯ | ૧૭ | - | - | ૨ | - | - | - | - | - |
| ૧૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૫ | ૫૨ | - | - | ૨૩ | - | ૩ | - | - | - |
| ૧૪ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૮ | ૨૩ | - | - | ૫ | - | ૨ | - | - | - |
| ૧૫ | મહેસૂલ વિભાગ | ૩૦ | ૧૫ | - | - | ૧૫ | - | ૧ | - | - | - |
| ૧૬ | માર્ગ અને મકાન વિભાગ | ૨૯ | ૧૯ | - | - | ૯ | - | - | - | - | ૧ |
| ૧૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૦ | ૧૮ | - | - | ૨ | - | - | - | - | - |
| ૧૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૧૮ | ૮ | - | - | ૧૦ | - | ૩ | - | - | - |
| ૧૯ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૪ | ૩ | - | - | ૧ | - | - | - | - | - |
| ૨૦ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૨ | ૨૭ | - | - | ૫ | - | ૩ | - | - | - |
| ૨૧ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨૨ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૪ | ૩ | - | - | ૧ | - | ૧ | - | - | - |
| ૨૩ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૨૩ | ૧૧ | - | - | ૧૨ | - | - | - | - | - |
| ૨૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૫ | ૧૪ | - | ૧ | - | - | - | - | - | - |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨૬ | કલાઈમેન્ટ ચેન્જ વિભાગ | - | - | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૫૨૭ | ૩૮૩ | - | ૩ | ૧૩૪ | - | ૨૧ | - | ૫ | ૨ |

પત્રક ક્રમાંકઃ– ૮

(જુઓ ફકરા ક્રમાંકઃ–૫)

## અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | અગાઉના સત્ર દરમિયાન દાખલ કરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન આવવાથી રજૂ ન થયા | દાખલ ન કર્યા | પ્રશ્નો રદ કર્યા | પ્રશ્નો પાછા ખેંચ્યા | ગુહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | નિયમ–૮૭(ક) અન્વયે ગૃહમાં મેજ ઉપર મુકાયા | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૫ | ૩ | - | - | ૧ | ૨ | - | - | ૧ | - | - | ૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૯ | ૪૧ | - | - | ૨ | ૮ | - | - | ૧૬ | - | ૭ | ૧૩ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૬૯ | ૫૮ | - | - | ૨૫ | ૧૧ | - | - | ૨૧ | - | ૪ | ૫૫ |
| ૪ | નાણા વિભાગ | ૧૯ | ૧૩ | ૨ | - | ૨ | ૬ | - | - | ૫ | - | - | ૬ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૭ | ૧૪ | - | - | - | ૩ | - | - | - | - | - | ૧૧ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૫ | ૨૪ | - | - | ૧૧ | ૨૧ | - | - | ૮ | - | ૧ | ૧૮ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૯ | ૩૦ | - | - | ૧૨ | ૯ | - | - | ૧૨ | - | ૧૬ | ૧૩ |
| ૮ | ગૃહ વિભાગ | ૮૬ | ૬૬ | - | - | ૯ | ૨૦ | - | - | ૩ | - | ૩ | ૪૭ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૧ | ૩૦ | - | - | ૧૦ | ૯ | ૨ | - | ૧૬ | - | ૨ | ૨૬ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧૦** | **માહિતી અને પ્રસારણ વિભાગ** | **૫** | **૫** | **-** | - | **-** | **-** | - | - | **-** | - | **૨** | **૩** |
| **૧૧** | **શ્રમ અને રોજગાર વિભાગ** | **૮** | **૭** | **-** | - | **૧** | **૧** | - | - | **૩** | - | **૧** | **૨** |
| **૧૨** | **કાયદા વિભાગ** | ૧૨ | ૫ | - | - | ૪ | ૭ | - | - | ૧ | - | - | ૫ |
| **૧૩** | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** | ૩૨ | ૨૧ | - | - | ૫ | ૧૧ | - | - | ૧૩ | - | ૧ | ૮ |
| **૧૪** | **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ** | ૨૯ | ૨૬ | - | - | ૧૪ | ૩ | - | - | ૧૩ | - | ૭ | ૧૨ |
| **૧૫** | **મહેસૂલ વિભાગ** | ૪૧ | ૨૫ | - | - | ૩૫ | ૧૬ | - | - | ૮ | - | ૧ | ૨૫ |
| **૧૬** | **માર્ગ અને મકાન વિભાગ** | ૧૪ | ૧૨ | - | - | ૩ | ૨ | - | - | ૩ | - | ૬ | ૫ |
| **૧૭** | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ** | ૨૨ | ૨૦ | - | - | ૨ | ૨ | - | - | ૩ | - | - | ૧૮ |
| **૧૮** | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** | ૧૨ | ૫ | - | - | ૧ | ૭ | - | - | ૧ | - | - | ૨ |
| **૧૯** | **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ** | ૯ | ૭ | - | - | - | ૨ | - | - | ૨ | - | ૧ | ૧ |
| **૨૦** | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ** | ૨૯ | ૨૪ | - | - | ૧૦ | ૫ | - | - | ૧૬ | - | ૧૨ | ૩ |
| **૨૧** | **વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ** | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - |
| **૨૨** | **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ** | ૧૫ | ૮ | - | - | - | ૫ | ૨ | - | ૩ | - | - | ૨ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૨૩** | **મહિલા અને બાળવિકાસ વિભાગ** | ૯ | ૭ | - | - | ૨ | ૨ | - | - | ૧ | - | ૨ | ૫ |
| **૨૪** | **આદિજાતિ વિકાસ વિભાગ** | ૨ | ૨ | ૧ | - | ૪ | - | - | - | - | - | - | ૨ |
| **૨૫** | **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ** | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - |
| **૨૬** | **કલાઈમેન્ટ ચેન્જ વિભાગ** | ૧ | ૧ | - | - | - | - | - | - | ૧ | - | - | - |
| | **કુલ** | **૬૧૨** | **૪૫૬** | **૩** | - | **૧૫૩** | **૧૫૨** | **૪** | - | **૧૫૦** | - | **૬૬** | **૨૮૪** |

## પત્રક ક્રમાંકઃ– ૯

## (જુઓ ફકરા ક્રમાંકઃ–૫)

## <u>જુદા જુદા મંત્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી.</u>

**જૂથ–૧**

| તારીખ | કુલ દાખલ તારાંકિત પ્રશ્ન | ગૃહમાં મૌખિક જવાબ આપેલ પ્રશ્ન | મુ. મં.શ્રી સા.વ. વ.સુ.તા | | મુ. મં. શ્રી ઉદ્યોગ | | મુ. મં. શ્રી ગૃહ. | | મુ.મં.શ્રી કલાઈમેટ ચેન્જ | | મુ. મં. શ્રી બંદરો | | મુ. મં. શ્રી માહિતી અને પ્રસારણ | | મુ. મં. શ્રી નર્મદા | | મુ. મં. શ્રી કલ્પસર | | મુ.મં.શ્રી મહેસૂલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૧૦/૧૧/૧૪ | ૧૬૫ | ૧૧ | ૧ | - | ૭ | - | ૧૦ | ૨ | - | - | ૧ | - | - | - | ૮ | ૧ | - | - | ૧૩ | ૧ |
| **કુલ** | **૧૬૫** | **૧૧** | **૧** | **-** | **૭** | **-** | **૧૦** | **૨** | - | - | **૧** | - | **-** | - | **૮** | **૧** | **-** | - | **૧૩** | **૧** |

| તારીખ | જળસંપત્તિ (કલ્પસર સિવાય ) પાણી પુરવઠો મંત્રીશ્રી | | કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોધ્યોગ, ગૌસવર્ધન મંત્રીશ્રી | | મુ.મં.શ્રી ડિઝાસ્ટર મેનેજમેન્ટ | | મુ.મં.શ્રી શહેરી વિકાસ, શહેરી ગૃહનિર્માણ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૧૦/૧૧/૧૪ | ૪૩ | ૨ | ૨૩ | ૧ | ૨ | - | ૮ | ૩ |
| **કુલ** | **૪૩** | **૨** | **૨૩** | **૧** | **૨** | **-** | **૮** | **૩** |

| તારીખ | માર્ગ અને મકાન મંત્રીશ્રી પાટનગર યોજના | | આરોગ્ય, તબીબી શિક્ષણ પરિવાર કલ્યાણ મંત્રીશ્રી | | વાહનવ્યવહાર મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|
| | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૧૦/૧૧/૧૪ | ૧૯ | - | ૧૪ | - | ૨ | ૧ |
| **કુલ** | **૧૯** | **-** | **૧૪** | **-** | **૨** | **૧** |

| તારીખ | મહિલા અને બાળકલ્યાણ (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી | | રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી | |
|---|---|---|---|---|
| | દા. | મૌ. | દા. | મૌ. |
| ૧૦/૧૧/૧૪ | ૧૧ | - | ૩ | - |
| કુલ | ૧૧ | - | ૩ | - |

## જૂથ–૨

| તારીખ | કુલ દાખલ તારાંકિત પ્રશ્ન | ગૃહમાં મૌખિક જવાબ આપેલ પ્રશ્ન | સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી | | કાયદો અને ન્યાયતંત્ર (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી | | દેવસ્થાન, યાત્રાધામ વિકાસ (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી | | સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાતી પ્રભાગ (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી | | પ્રોટોકોલ (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મો. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૧૧/૧૧/૧૪ | ૨૧૮ | ૧૦ | ૧૮ | - | ૧૭ | - | ૧ | - | - | - | - | - |
| **કુલ** | **૨૧૮** | **૧૦** | **૧૮** | **-** | **૧૭** | **-** | **૧** | **-** | **-** | **-** | **-** | **-** |

| તારીખ | શિક્ષણ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી | | સાયન્સ–ટેકનોલોજી મંત્રીશ્રી | | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી | | વન અને પર્યાવરણ મંત્રીશ્રી | | આદિજાતિ વિકાસ મંત્રીશ્રી | | વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૧૧/૧૧/૧૪ | ૩૪ | - | - | - | ૧૦ | - | ૨૭ | ૪ | ૧૪ | - | - | - |
| **કુલ** | **૩૪** | **-** | **-** | **-** | **૧૦** | **-** | **૨૭** | **૪** | **૧૪** | **-** | **-** | **-** |

| તારીખ | નાણા મંત્રીશ્રી | | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ (રાજયકક્ષા) (સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી | | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી | | ખાણ ખનિજ, કુટિર ઉદ્યોગ, પ્રવાસન, નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી | | આયોજન મંત્રીશ્રી | | શ્રમ અને રોજગાર મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૧૧/૧૧/૧૪ | ૨૦ | - | ૨૩ | ૨ | ૨૭ | ૩ | ૧૧ | ૧ | ૬ | - | ૬ | - |
| **કુલ** | **૨૦** | **-** | **૨૩** | **૨** | **૨૭** | **૩** | **૧૧** | **૧** | **૬** | **-** | **૬** | **-** |

**પત્રક ક્રમાંક : ૧૦**

**(જુઓ ફકરા ક્રમાંક :૧૦ (૧) )**

**દાખલ કરવાના સરકારી વિધેયકો**

| અ.નં.<br>૧ | વિધેયકની ટૂંકી સંજ્ઞા<br>૨ | વિભાગ<br>૩ | પ્રભારી મંત્રીશ્રી<br>૪ | દાખલ થયા તારીખ<br>૫ |
|---|---|---|---|---|
| ૧ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૪નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક | શિક્ષણ | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | ૧૦/૧૧/૨૦૧૪ |
| ૨ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયક | કૃષિ અને સહકાર | શ્રી બાબુભાઈ બોખીરીયા | ૧૦/૧૧/૨૦૧૪ |
| ૩ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૪નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક | શહેરી વિકાસ | શ્રી નીતિનભાઈ પટેલ | ૧૦/૧૧/૨૦૧૪ |
| ૪ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૪નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયક | નર્મદા અને જળસંપત્તિ | શ્રી બાબુભાઈ બોખીરીયા | ૧૧/૧૧/૨૦૧૪ |
| ૫ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૪નું ગુજરાત ન્યાય સહાયક વિજ્ઞાન યુનિવર્સિટી (સુધારા) વિધેયક | ગૃહ | શ્રી રજનીકાંત પટેલ | ૧૧/૧૧/૨૦૧૪ |
| ૬ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયક | શિક્ષણ | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | ૧૧/૧૧/૨૦૧૪ |

## પત્રક ક્રમાંક : ૧૧

(જુઓ ફકરા ક્રમાંક : ૧૦ (૨) )

## પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો

| અ.નં ૧ | વિધેયકનો નંબર અને સંજ્ઞા ૨ | ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ ૩ | સંબંધિત વિભાગ ૪ | પ્રભારી મંત્રીશ્રી ૫ | દાખલ થયા તારીખ ૬ | પહેલા વાંચનની તારીખ ૭ | બીજા વાંચનની તારીખ ૮ | ત્રીજા વાંચનની તારીખ ૯ | સુધારા | | | શેરો ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | જેની સૂચના મળી ૧૦ | જે રજૂ કરવામાં આવ્યા ૧૧ | જે પસાર કરવામાં આવ્યા ૧૨ | |
| ૧ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૪નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક | ૨૧/૧૦/૨૦૧૪ | શિક્ષણ | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૦/૧૧/૨૦૧૪ | – | – | – | વિધેયક પસાર કરવામાં આવ્યું |
| ૨ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ | ૨૮/૧૦/૨૦૧૪ | કૃષિ અને સહકાર | શ્રી બાબુભાઈ બોખીરીયા | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૦/૧૧/૨૦૧૪ | ૧૦/૧૧/૨૦૧૪ | – | – | – | વિધેયક પસાર કરવામાં |

| | | | | | | | | | | | | |
